# "ધર્મ"ના નામે ચાલતી "અધાર્મિક" પ્રવૃત્તિઓ પર અંકુશ ક્યારે ??

**નિત્યાનંદ હોય કે આશારામ, ઢબુડીમાતા હોય કે ભુવાજી, ભોળા શ્રધ્ધાળુઓની આસ્થાને પોતાનું રમકડું સમજતા ધાર્મિક ગુરૂઓ પર લગામ તાણવાનો સમય પાકી ગયો છે**

**સમયસર**

ગાંધીનગર, તા. ૨૧

અધ્યાત્મિક ક્ષેત્રે 'જીનિયસ' ગણાતા ઓશો રજનીશને જ્યારે 'રાજનીતિમાં ધર્મ હોવો જોઈએ કે નહિ ?' તેવુ પુછવામાં આવતા તેમણે કહ્યું હતું કે 'રાજકારણમાં 'ધર્મ' નથી એટલે જ આપણી રાજનીતિમાં નઠારા રાજકારણીઓ વધતા જાય છે. તેનો સવિસ્તર ખ્યાલ આપી જે બાહ્ય આડંબર કે કહેવાતી સ્થૂળ ધાર્મિક માન્યતાઓ પ્રવર્તે છે તેનો છેદ ઉડાડ્યો હતો. આજે માત્ર રાજકારણમાં જ નહી પરંતુ જેને ધાર્મિકતાના પર્યાય ગણાવવામાં આવે છે તેવા ધર્મગુરૂઓના આશ્રમોમાંથી જ 'ધર્મ' લુપ્ત થઈ ગયો છે. જે રીતે આજકાલ માધ્યમોમાં નિત્યાનંદ આશ્રમની કરતૂતો બહાર આવી રહી છે જેમાં કુમળા બાળકોનુ શોષણ, યુવતિઓ ગુમ થઈ જવી સહિતના કુકર્મો ફરી એકવાર બની બેઠેલા ધર્માચાર્યો અને તેમના આશ્રમોની વિશાળતા ચોતરફથી નિરાશ થઈને એકમાત્ર આશાનું કિરણ જોઈ ઈશ્વરનુ શરણુ શોધતા માનવીની "આસ્થા" પર કુઠારાઘાત સમાન છે.

નિત્યાનંદ હોય કે આશારામ, કમનસીબે ગુજરાતમાં નાના-મોટા મળીને સૌથી વધુ ધાર્મિક આશ્રમો ધરાવતો જિલ્લો કદાચ ગાંધીનગર જ છે, આ એ જ જિલ્લો છે જ્યાં કોઈ ઢબુડીમાતા બનીને તો કોઈ મોટા ભુવાજી બનીને ભોળી શ્રદ્ધાળુ પ્રજાની સાચી 'ધાર્મિકતા'ને કમાણી તથા વ્યભિચારનું માધ્યમ બનાવાઈ રહ્યું છે. મોટા ભાગના આશ્રમોમાં 'સેક્સ' અને 'શોષણ' એ બે તત્વો "લ.સા.અ." બની જતા જોવાઈ રહ્યાં છે. જેના કારણે સામાન્ય માનવીની શ્રદ્ધા પણ ડગતી જાય છે. નાના હોય કે મોટા આશ્રમો પરંતુ ધર્માચાર્યોમાં પોતાના અનુયાયીઓ વધારવાની જાણે હોડ લાગી છે અને તે માટે તેઓ ગમે તે કક્ષાએ જતા અચકાતાં નથી. કુમળી વયના બાળકોનું બ્રેઈન વૉશીંગ કરવામાં આવે, યુવાનોને આસ્થા અને પરંપરાના નામે ગેરમાર્ગે દોરવામાં આવે અને મોટા મોટા મહોત્સવો તથા આંજી નાંખતા વૈભવો ખડા કરી ભોળા ભાવિકોને ધાર્મિકતાના અફીણી ઘેનમાં રાખી પોતાનુ આચાર્યપદ, ગુરૂપદ, મહંતપદ કે ભુવાજીના સ્થાનનું "વર્ચસ્વ" દેખાડી અબજોની સંપત્તિના માલિક બની એશોઆરામમાં મ્હાલવું એ જાણે આજના આ કહેવાતા ધર્મગુરૂઓનો "ધર્મ" બની ગયો છે. "મસલ પાવર" અને "મની પાવર"ના જોરે સત્તાને પણ નમાવતા આ ધર્મગુરૂઓ પર સરકારે ઝડપી અંકુશ સાધવો જરૂરી જણાઈ રહ્યો છે.

ત્યાગ અને વૈરાગ્યની માત્ર વાતો જ કરતા ધર્મગુરૂઓ અને તેમના આશ્રમોને ઝડપથી અસરકારક કાયદાના દાયરામાં લાવી દરેકે દરેક

● અનુસંધાન પાન-૭ પર




શહેરને સ્માર્ટસીટી બનાવવાની ઉતાવળમાં ઠેર ઠેર શરૂ કરાયેલા વૉટર એટીએમના મેઈન્ટેનન્સમાં સત્તાધીશો ઉણાં ઉતર્યા છે. હજુ માંડ એક વરસ પહેલા શરૂ કરાયેલી આ યોજનાનુ બાળમરણ થયુ છે. વૉટર એટીએમ કચરાપેટી બની રહ્યાં છે. સેક્ટર-૧૧માં કબીર વર્લ્ડ સામેના વૉટર એટીએમમાં કચરાના ઢગલા જોવા મળી રહ્યા અને પારાવાર ગંદકી જોવા મળી રહી છે. શહેરના મોટાભાગના વૉટર એટીએમની આવી જ હાલત જોવા મળે છે... ક્યાંક તો વૉટર એટીએમની આજુબાજુ ઘાસ ઉગી નિકળ્યું છે.... તો કેટલાક વૉટર એટીએમને કાટ લાગવાનો પણ શરૂ થયો હોવાની ચર્ચાઈ રહ્યું છે....

# ગટર-વ્યવસ્થાના ઉઠેલા અંતરાયો દોઢ મહિનામાં દૂર કરવા મેયરની સૂચના

**ગ્રામ્ય વિસ્તારોમાં ખાસ પંપિંગ સ્ટેશનો બે કરોડના ખર્ચે બનાવવામાં આવશે : મુખ્ય ઈજનેર, તબક્કાવાર ગટરની સમસ્યા દૂર કરવાનું આયોજન છે**

ગાંધીનગર, તા. ૨૧

ગાંધીનગર શહેરમાં ઉભરાતી ગટરોની સમસ્યાનો અંત ડિસેમ્બર-૨૦૧૯ પહેલાં લાવવા માટે મેયર શ્રીમતિ રીટાબેન પટેલે તંત્રને તાકીદ કરી છે.

ગઈકાલે સાંજે તેમની ચેમ્બરમાં યોજાયેલ એક ઉચ્ચસ્તરીય બેઠકમાં આ સમસ્યા ગંભીર બની ઉભરી હોવાનો આડકતરો એકરાર તંત્રના અધિકારીઓએ કર્યો હતો.

આ બેઠકમાં શહેરમાં સમાવિષ્ટ ગ્રામ્ય વિસ્તારમાં ગટર વ્યવસ્થાનુ નેટવર્ક વધારે કથળ્યુ હોવાનું બહાર આવ્યુ હતુ. આ રજુઆતને પગલે મુખ્ય ઈજનેરશ્રી પા.યો.વિ. અને અધિક સચિવશ્રીએ જણાવ્યુ હતુ કે બે માસમાં તમામ ગામોમાં જરૂરી પંપીંગ વ્યવસ્થા સુદઢ કરવા તેમજ પંપિંગ સ્ટેશનો કાર્યરત કરવા માટે અંદાજિત રૂ. બે કરોડનો ખર્ચ થાય તેમ છે. આ અંગેની ટેન્ડર પ્રક્રિયા પણ હાથ ધરી દેવામાં આવી હોવાનું જણાવતાં તેમણે કહ્યું હતું કે આ કામગીરી થવાથી ગ્રામ્ય વિસ્તારની ગટર વ્યવસ્થામાં અસરકારક સુધારો આવશે.

મેયર શ્રીમતિ રીટાબેન પટેલે ગટરના નિયમોનું પાલન ન કરતા હોય તેવા કોમર્શિયલ એકમ તેમજ ફૂડ વેસ્ટ નાખતા હોય તેવા એકમો ઉપર કડક કાર્યવાહી કરવા માટેની સૂચનાઓ પણ આપી હતી.

શહેરમાં વકરતી જતી સમસ્યાના સંદર્ભમાં મુખ્ય ઈજનેરશ્રીએ જણાવ્યુ હતુ કે શહેરમાં એકની જગ્યાએ ત્રણ સુપર સકસર અને ત્રણ જેટીંગ મશીનો દ્વારા કામગીરી હાલ ચાલુ છે. જે સેકટરોમાં ગટરની ફરિયાદો છે તે તબક્કાવાર દૂર કરવાનુ આયોજન હોવાનું પણ તેમણે કહ્યુ હતુ.

ખાસ કરીને સે. ૧૪, ૨૪ અને ૨૬ના પ્રશ્નો મહદ્અંશે દૂર

● અનુસંધાન પાન-૭ પર

# શહેરના પાણી પુરવઠા માટે ફિલ્ટર પ્લાન્ટની ક્ષમતા વધારવા તાત્કાલિક દરખાસ્ત કરો

**સરકારની પાણી પુરવઠા બોર્ડને તાકીદ : પેયજળની ગુણવત્તાને લઈ ઉઠેલી આંગળી પછી સરકાર હરકતમાં આવી**

ગાંધીનગર, તા. ૨૧

ગાંધીનગર શહેરમાં પેયજળની શુદ્ધતા સામે આંગળી ચિંધાયા બાદ હરકતમાં આવેલી રાજ્ય સરકારે ગાંધીનગર શહેરમાં પાણી માટેના ફિલ્ટર પ્લાન્ટની ક્ષમતામાં વધારો કરવા માટે જરૂરી સર્વે તેમજ તે અંગેના આયોજન સાથેની વિગતે દરખાસ્ત રજુ કરવાની સૂચનાઓ આપી છે.

મળતી વિગતો મુજબ હાલ નર્મદામાંથી ૫૦ એમ.એલ.ડી. જથ્થો પાણીનો મેળવવામાં આવી રહ્યો છે. જ્યારે ગાંધીનગર શહેરની માંગ ૫૮ એમ.એલ.ડી. દૈનિક જરૂરિયાત છે અર્થાત્ ૮ એમ.એલ.ડી. પાણી સ્થાનિક સ્ત્રોતમાંથી મેળવી મિક્સ કરી આપવામાં આવી રહ્યું છે.

આ સૂત્રોએ જણાવ્યુ છે કે આગામી દિવસોમાં ગુડા દ્વારા પણ ૨૦ એમ.એલ.ડી. પાણીની માંગ કરવામાં આવી છે ત્યારે પાણીની શુદ્ધતા માટેના ફિલ્ટર પ્લાન્ટની ક્ષમતામાં વધારો કરવાની અનિવાર્યતા ઉભી થઈ છે. આ સૂત્રોએ જણાવ્યુ છે કે આ ક્ષમતા વધારીને ૧૦૦ એમ.એલ.ડી. હાલ કરવાની વિચારણા છે જો કે તેમાં વધારો-ઘટાડો દરખાસ્ત મળે તે પછી સરકાર દ્વારા કરવામાં આવશે.

ગાંધીનગર શહેરમાં પેયજળની શુદ્ધતા માટે બ્યુરો ઓફ ઈન્ડિયન સ્ટાન્ડર્ડે જ વાંધો ઉઠાવ્યો છે અને આ પાણીને ખતરારૂપ ગણાવ્યુ છે એટલે સરકાર આજે હરકતમાં આવી ગઈ છે અને તાત્કાલિક આ કામગીરી હાથ ધરવા માટેની સૂચનાઓ આપી છે.

પેયજળની શુદ્ધતાનો મુદ્દો રાજકીય રંગ પકડે તે પહેલાં જ સરકારે આ મુદ્દો ગંભીરતાથી હાથ ધર્યો છે. આ બાબતે કામગીરી પણ ઝડપથી હાથ ધરવામાં આવશે કારણ કે આગામી દિવસોમાં ૧૦૦ સ્માર્ટસીટીની પેયજળની ગુણવત્તા વિશે પણ તપાસ હાથ ધરવામાં આવનાર છે અને ગાંધીનગરનો સ્માર્ટસીટી પ્રોજેક્ટમાં સમાવેશ થયેલો છે.

ગાંધીનગરનુ સ્થાનિક સ્ત્રોતમાંથી જે પાણી મેળવવામાં આવી રહ્યુ છે તે ચિંતાનો મુદ્દો સરકાર માટે બન્યો છે. કારણ કે ગાંધીનગર જિલ્લો ઓવર એકસ્પલોઈટેસન કેટેગરીમાં છે. ગાંધીનગર જિલ્લામાં જ જૂથ પાણી પુરવઠા યોજનાઓ છે અને તમામ ગામોમાં નર્મદાનું નેટવર્ક છે.

દેશનો પ્રથમ જિલ્લો જલ સે નલ તક ઘોષિત કરવાની કવાયત ચાલી રહી છે ત્યારે સરકારે પણ આ બધી જ બાબતોને અતિગંભીરતાથી લીધી છે. રાજ્ય સરકારના પાણી પુરવઠા બોર્ડ અને વાસ્મો દ્વારા અત્યંત ચૂપકીદીપૂર્વક આખી કવાયત હાથ ધરવામાં આવી હોવાનું પણ સચિવાલયના સૂત્રોમાંથી જાણવા મળેલ છે.

ગાંધીનગર શહેરને ઝડપથી શુદ્ધ પેયજળ મળતુ થાય તે લક્ષ્ય સાથે આગળ વધવામાં આવશે. હાલ તો ફિલ્ટર પ્લાન્ટ પણ જુનો પ્લાન્ટ છે. આ ઉપરાંત ક્લોરીનેશન વધારવા સહિતની સૂચનાઓ પણ આપવામાં આવી હોવાનું જાણવા મળેલ છે. દરેક સપ્લાય પોઈંટ પર પણ ક્લોરીનેશન પ્લાન્ટની ચકાસણી કરવાની સૂચનાઓ પણ અપાઈ હોવાનું સચિવાલયના સૂત્રોનું કહેવુ છે.

# નગરના વન આરક્ષિત જગ્યામાં દબાણો દુર કરવા સર્વે હાથ ધરાશે

ગાંધીનગર તા ૨૧

શહેરના વન આરક્ષિત વિસ્તારમાં દબાણો દુર કરવા માટે વનતંત્ર દ્વારા ટુંકમાં સર્વે હાથ ધરાશે. અગાઉ વન આરક્ષિત જગ્યામાં ગંદકી અને દબાણની સમસ્યા દુર કરવા માટે ફેન્સીંગ કરવામાં આવ્યુ હતુ. પરંતુ હાલ કેટલાક ઠેકાણે ફેન્સીંગમાં પણ ગાબડા પડયા છે. જેના લીધે વન આરક્ષિત જગ્યામાં દબાણ અને ગંદકીની સમસ્યા ઉદભવી હોવાની ફરિયાદો પણ ઉઠવા પામી છે. જેને અનુલક્ષી તંત્ર દ્વારા અભ્યાસના અંતે દબાણો દુર કરવા માટે પણ કાર્યવાહી હાથ ધરાશે.

શહેરમાં મુખ્યમાર્ગો તેમજ સેકટરો રસ્તાઓ આસપાસ સ્થિત વન આરક્ષિત વિસ્તારમાં દબાણો તેમજ ગંદકીની સમસ્યા અવારનવાર માથુ ઉંચકે છે. જયારે આ સમસ્યામાંથી છુટકારો મેળવવા માટે વનતંત્ર દ્વારા અગાઉ લોખંડની ગ્રીલ સાથે મુખ્યમાર્ગો આસપાસ ફેન્સીંગ કરી દેવાયુ હતુ. પરંતુ સેકટરોમાં હજુ ઘણાં ઠેકાણે આ કામગીરી બાકી છે. બીજીતરફ વન આરક્ષિત વિસ્તારમાં ગંદકી તેમજ દબાણોની સમસ્યાએ પણ માથુ ઉંચકયુ હોવાનુ ધ્યાને આવ્યુ છે. જેને અનુલક્ષી વનતંત્ર દ્વારા ટુંકમાં જ આ મામલે સર્વે હાથ ધરવામાં આવશે. શહેરના સેકટરોમાં ઉભા સુકા વૃક્ષો દુર કરવા માટે વનતંત્ર દ્વારા સર્વે હાથ ધરાયો હતો.જયારે માર્કીંગ કરીને આ વૃક્ષો દુર કરવા માટે પણ કામગીરી હાથ ધરવામાં આવી છે. તેમ આગામી દિવસોમાં સુકા વૃક્ષોની કટોતીના અંતે દબાણ અને ગંદકીની સમસ્યાને ડામવા માટે પણ અભિયાન હાથ ધરાશે. વનતંત્ર દ્વારા નગરના મુખ્ય ઘ અને ચ માર્ગ પર કલરકોડ પ્રમાણે ફુલો નિખરે તે મુજબ પણ પ્લાન્ટેશન કરવામાં આવ્યુ છે.જયારે આગમી દિવસોમાં આ મુજબ મુખ્યમાર્ગોની આસપાસ ફુલો પણ નિખરશે.

# ફરિયાદોને ડામવા ખ-માર્ગ પર મુખ્ય ગટર લાઈનનુ કામ હાથ ધરાયુ

**સે-૩,૪ સહીતના નવા અને જુના સેકટરોમાં પણ ગટરો ઉભરાવાની સમસ્યા નો અંત આવશે**

ગાંધીનગર તા ૨૧

શહેરના સેકટરોમાં વારંવાર ગટરો ઉભરાવાની ફરિયાદો ઉઠતી રહે છે. આવા સંજોગોમાં ગટર લાઈનની ફરિયાદને ડામવા માટે સ્માર્ટ સીટી અંતર્ગત શહેરના સેકટરોમાં મુખ્ય લાઈન બદલવા માટે અંદાજિત રૂ ૨૦૦ કરોડનો તોતિંગ ખર્ચ કરવામાં આવશે. હાલ શહેરના ખ માર્ગ પર મુખ્ય લાઈનનુ કામ હાથ ધરાયુ છે.જેના લીધે નગરના કેટલાક જુના અને નવા સેકટરોમાં પણ ફરિયાદોનો અંત આવશે. ગાંધીનગરના સેકટરોમાં ગટરો ઉભરાવાની સમસ્યા યથાવત છે. સેકટરોમાં ઘર આંગણે ગટરોના દુષિત પાણી ફરી વળતા હોવાનો આક્રોશ સ્થાનિકો માટે વારંવાર રોષનુ કારણ બને છે.

સેકટરોમાં દાયકાઓ જુની ગટર લાઈન હવે પુરતી સક્ષમ ન હોવાના લીધે વારંવાર ગટરો ઉભરાતા સ્થાનિકો ખદબદતી ગંદકી વચ્ચે ગુંગળામણ અનુભવી રહ્યા છે. બીજીતરફ સેકટરોમાં ગટર લાઈનનુ કામ હાથ ધરવા માટે સ્માર્ટ સીટી અન્વયે રૂ ૨૦૦ કરોડનો ખર્ચ કરવાનુ આયોજન કરાયુ છે.જો કે આ કામ પુર્ણ થતા હજુ સમય લાગે તેમ છે. બીજીતરફ નગરના સે-૪, ૫ સહીતના જુના સેકટરોમાં પણ ગટરો ઉભરાવાની સમસ્યા હજુ શિરદર્દ સમાન છે. જયારે આ સમસ્યાને ડામવા માટે તંત્ર દ્વારા ખ માર્ગ પર મેઈન લાઈનનુ કામ હાથ ધરાયુ છે. જેના લીધે આગામી દિવસોમાં નવા અને જુના સેકટરોમાં ગટરો ઉભરાવાની સમસ્યાનો અંત આવશે. જો કે હજુ આ કામગીરી પુર્ણ થતા સમય લાગશે. શહેરમાં ગટર લાઈનની ફરિયાદો સંદર્ભે એક સાંધો ત્યાં તેર તુટે તેવી સ્થિતિ છે. ત્યારે જયાં સુધી સેકટરોની તમામ મુખ્યલાઈનનુ કામ પુર્ણ નહીં થાય ત્યાં સુધી ફરિયાદો ઉઠતી રહેશે તેમ પણ મનાઈ રહ્યુ છે.


**જોઈએ છે**

**B B Daily**

પાર્ટ ટાઈમ ડિલીવરી બોય

સમય : સવારે ૪ થી ૭

પગાર : રૂ. ૩૫૦૦/- + એટેન્ડસ બોનસ + ઈન્સેન્ટીવ

સંપર્ક

૯૭૧૪૩૬૪૪૭૯

૭૦૬૯૪૧૭૨૭૭





દિશા સૂચક બોર્ડ ગાયબ - સ્માર્ટસિટીની ધીમે ધીમે અવદશા બેસી રહી હોય એવું આ તસવીરમાં લાગી રહ્યું છે... શહેરમાં ક્યાંક કચરા પેટી ઉંધી વળેલી હોય છે... ક્યાંક કચરા પેટી જ ગાયબ થઈ જાય છે... પણ હવે તો હદ થાય છે... શહેરના મુખ્ય માર્ગો પર લગાવેલા દિશાસૂચક બોર્ડ જે નટ-બોલ્ટથી ફીટ કરેલા હોય છે એ દિશાસૂચક બોર્ડ જ ગાયબ થઈ ગયા છે... હવે જોવાનું એ રહ્યું કે, આ બોર્ડ ગયા ક્યાં... તંત્રએ રીપેર કરવા કાઢ્યા કે કોઈ અસામાજીક તત્વો આખે આખે બોર્ડ જ ગાયબ કરી ગયા...

# એરપોર્ટ પરથી ૭૦ લાખનું સોનુ જપ્ત

અમદાવાદ, તા.૨૧

અમદાવાદ એરપોર્ટ પરથી કસ્ટમમાં સોનાની દાણચોરી થઈ હોવાનાં કિસ્સા વધી રહ્યાં છે. જાણે કે અમદાવાદ એરપોર્ટ સોનાની દાણચોરીનું હબ બની ગયું હોય તેમ અવારનવાર લોકો સોના સાથે અમદાવાદ એરપોર્ટ પર ઝડપાઈ રહ્યા છે. સરદાર વલ્લભભાઈ પટેલ ઈન્ટરનેશનલ એરપોર્ટ પરથી એર ઈન્ટેલિજન્સ યુનિટે અબુધાબીથી અમદાવાદ આવતી ઈતિહાદ ફ્લાઈટમાં આવેલાં એક પેસેન્જર પાસેથી અંદાજે ૭૦ લાખનું ૧.૮ કિલોગ્રામ સોનું પકડી પાડી તેની ધરપકડ કરી છે. આ બનાવને પગલે એરપોર્ટ પર ભારે

● અનુસંધાન પાન-૭ પર

# ગાંધીનગર ડેપોથી લાંબા રૂટની સાત એસી સ્લીપર બસસેવા ઉપલબ્ધ

**સુરત રૂટ માટે પણ વોલ્વો બસ : ટુંકા સમયગાળામાં શરૂ કરાયેલી એસી બસ સેવા મુસાફરો માટે આર્શીવાદરૂપ**

ગાંધીનગર તા ૨૧

ગાંધીનગર એસ ટી ડેપોમાં સલામત સવારી એસ ટી અમારીના સ્લોગન સાથે મુસાફરોને આરામદાયક મુસાફરી મળી રહે તેવા આશયથી લાંબા અંતરની અંદાજિત ૭ જેટલી સ્લીપર બસ સેવા શરૂ કરવામાં આવી છે. જેમાં સોમનાથ, દ્વારકા, દિવ ભુજ અને અમરેલી આહવાની એસી સ્લીપર બસ સહીત વોલ્વો બસનો પણ સમાવેશ થાય છે.

ગાંધીનગર એસ ટી ડેપોમાં મુસાફરોની સલામતી સામે પ્રશ્નાર્થ મંડરાયેલો છે. પરંતુ એસ ટી નિગમ દ્વારા મુસાફરોને સલામત સવારીની સાથે આરામદાયક મુસાફરીનો લાભ મળે તેવા આશયથી ટુંકા સમયગાળામાં લાંબા અંતરની એસી બસ સેવા શરૂ કરવામાં આવી છે. ગાંધીનગર એસ ટી ડેપોમાંથી જ અંદાજે વિવિધ સાત જેટલા રૂટમાં એસી સ્લીપર તેમજ વોલ્વો બસ સેવા કાર્યરત છે. ગાંધીનગર એસ ટી ડેપોમાંથી સોમનાથ, દિવ, પોરબંદર, દ્વારકા, આહવા,અમરેલી, ભુજની એ સી સ્લીપર બસ સેવા દોડે છે.જયારે સુરત જવા માટે વોલ્વો બસની સુવિધા પણ ઉપલબ્ધ છે. સલામત સવારી એસ ટી અમારીના સ્લોગન સાથે એસ ટી નિગમ દ્વારા તબક્કાવાર નવા રૂટોની એસી બસ સેવા શરૂ કરવામાં આવી છે. ગાંધીનગર પાટનગર હોવાના નાતે શહેરના જુદા જુદા વિસ્તારમાં જવા માટે બસ સેવા મળી રહે તેવુ આયોજન કરવામાં આવ્યુ છે. ગાંધીનગરમાં રાજયનો વહીવટી કાર્યભાર ધમધમતો હોવાથી વિવિધ સરકારી કચેરીઓની મુલાકાતે આવનારાઓની પણ વિશેષ સંખ્યા હોય છે. જયારે દિવાળી સહીતના તહેવારોમાં બહારગામ જવા માટે પણ એસ ટી બસમાં મુસાફરોની વિશેષ ભીડ જોવા મળે છે.

સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાત તરફ જવા માટે પણ એસ ટી બસમાં ટ્રાફિક વધુ રહે છે. જેને ધ્યાને લઈને આજના સમય પ્રમાણે એસ ટી નિગમ દ્વારા એસી બસ સેવા શરૂ કરવામાં આવી છે. જેમાં સુરત, સોમનાથ , દિવ, પોરબંદર,દ્વારકા,આહવા, અમરેલી અને ભુજ સહીતના વિસ્તારમાં એસી બસો દોડે છે. આ બસનો સમય રાત્રિના ૮ :૩૦ કલાકની આસપાસનો છે. જયારે ત્રણ મહીનામાં જ આ વિવિધ શહેરોને જોડતી બસ સેવા શરૂ કરવામાં આવી છે. જેનો લાભ લેવા પણ એસ ટી નિગમે મુસાફરોને અપીલ કરી છે.


**સાયન્સસીટી-સોલામાં નવો શો-રૂમ ખુલેલ છે.**

હોલસેલ ભાવે વગર મજુરીએ હોલમાર્ક દાગીના મળશે. (કાયમી ધોરણે)

જુના દાગીનાનું પુરૂ વળતર

(શેરથાવાળા) N. C. Zaveri

GOLD, JADTAR, ANTIQUE, DIAMOND & SILVER.

૮૧૪૧૦૭૫૦૨૫, ૮૭૫૮૬૯૧૩૦૯

શો-રૂમ સમય : બપોરે ૧.૦૦ થી ૬.૦૦ (રવિવારે ચાલુ)

૫૫, સુપર બંગ્લોઝ, સાયન્સ સીટી ગેટ પાસે, સ્વામિનારાયણ મંદિર પાસે, સોલા, અમદાવાદ.

**ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...**

SANGHI CEMENT · KisaN · ashirvad · Jaquar experience bathing · DR. FIXIT · TATA STEEL • PIPES • SHEETS · ET TMT BARS Mazboot Bharat ki Pehchan

**જગદીશ સ્ટીલ સ્ટોર્સ**

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬

શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

www.capitaloffset.in

**કેપિટલ ઓફસેટ**®

AN ISO 9001:2008 Certified Company

મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ

રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com

ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯

બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com